| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧ | ૧૦ | ૨૦૨૦ |
| નોંધ્યા તારીખ | ૦૧ | ૧૦ | ૨૦૨૦ |
| ફેસલ તારીખ | ૨૨ | ૦૨ | ૨૦૨૧ |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | | | |

# ખેડા જીલ્લાના મહે. મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ ( મેઈન ) સાહેબ સમક્ષ, મુ.નડીઆદ.

**<u>કલેઈમ પરચુરણ અરજી નં. ૫૪૭/૨૦૨૦</u>**

**<u>અરજદાર</u> :–** મેમુનાબીબી તે યાકુબભાઈ મહમદશાહીદ કોલાની વિધવા

<u>વિરૂધ્ધ</u>

**<u>સામાવાળા</u> :–** કેસરીસિંહ દલપતસિંહ ચાવડા વિગેરે

## <u>–:: ચુ કા દો ::–</u>

૧). હાલની આ અરજી અરજદાર નં. ૧ દ્વારા એમ.એ.સી.પી. નં. ૨૧૩૬/૧૯૯૯ ના કામે નામદાર ગુજરાતની વડી અદાલતમાં ચાલતી ફર્સ્ટ અપીલ નં. ૧૧૬૧/૨૦૦૯ ચાલતા દરમ્યાન અરજદાર નં.૨ ના વારસોને આપવાની થતી રકમમાં તેમને એમ.એ.સી.પી. નં. ૨૧ ૩૬/૧૯૯૯ ના કામે પેમેન્ટ અરજી પીઠે જે હુકમ કરેલો તેમાં ગુજરનાર નં.૨ મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલા કે જેઓ અરજદાર નં. ૧ ના સસરા થતા

હોય તેમનો પણ ભાગ તેમાં આવતો હોય તે ભાગ રાખવા અને ત્યાસુધી વારસોને પેમેન્ટ આપવા સામે હાલની વાંધા અરજી કરેલ છે જે હાલની અરજી રજી. એડી ધ્વારા અત્રેની અદાલતને મોકલવામાં આવેલ અને તેના આધારે ગુજરનાર અરજદાર નં.ર મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના વારસોને નોટીસ કરવામાં આવતા તેઓ તેમના વિધ્વાન વકીલશ્રી એસ.આર.ચૌધરી મારફતે હાજર થયેલા છે.

ર). આ કામે ગુજરનાર નં.ર મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના વારસો વતી વિ.વ.શ્રી એસ.આર.ચૌધરી હાજર થઈ અદાલતે યોગ્ય લાગે તે હુકમ કરવા અરજ કરેલ છે.

૩). હાલની અરજી અન્વયે અરજદાર મેમુનાબીબીને નોટીસ કરી બોલાવતા તેઓ તા. ૦૬/૦ર/ર૦ર૧ ના રોજ હાજર રહેલ છે.

૪). મુખ્યત્વે કેસની હકીકત જોવામાં આવે તો એમ.એ.સી.પી. નં. ર૧ ૩૬/૧૯૯૯ કે જે નડીઆદની ટ્રીબ્યુનલમાં અરજદાર નં. ૧ મેમુનાબીબી અને અરજદાર નં.ર મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલા ધ્વારા કરવામાં આવેલી અને જેમાં નડીઆદ ટ્રીબ્યુનલ ધ્વારા તા. ૧૩/૦૮/ર૦૦૮ ના રોજ એમ.એ.સી.પી. મેઈન ટ્રીબ્યુનલ ધ્વારા અરજદારની અરજી અંશત: મંજુર કરી સામાવાળાઓ પાસેથી રૂા. ર,પ૪, ૪૦૦/- નવ ટકાના વ્યાજ સાથે મેળવવા હકકદર છે તે મતલબનો એવોર્ડ કરવામાં આવેલો અને તે હુકમ સામે હાલના અરજદારો ધ્વારા નામદાર ગુજરાતની વડી અદાલતમાં ફ.અપીલ નં. ૧૧૬૧/ર૦૦૯ થી વળતર વધારવા માટે દાખલ કરેલ અને જેમાં નામદાર ગુજરાતની વડી અદાલત ધ્વારા તા.

૨૯/૦૯/૨૦૧૯ ના રોજ હુકમ કરી વળતરની રકમમાં વધારો કરી રૂા. પાં ચ લાખ રીસ્પોન્ડન્ટ નં. ૧-૩-૫ પાસેથી અરજી દાખલ કર્યા તારીખથી નવ ટકાના વ્યાજ સાથે ચુકવવાનો હુકમ કરવામાં આવેલો.

૫). વધુમાં આ કામે સદરહુ હુકમ થયા બાદ મુળ અરજદાર નં. ૧ મેમુનાબીબી દ્વારા પેમેન્ટ અરજી અત્રેની ટ્રીબ્યુનલમાં દાખલ કરવામાં આવેલી અને જેમાં મુખ્યત્વે જણાવેલુ કે આ કામે અરજદાર નં.૨ મહમદ સઈદ ઈસ્માઈલ હાજી અપીલ ચાલતા દરમ્યાન તા. ૨૩/૧૧/૨૦૧૮ ના રોજ અવશાન થયેલુ અને તેઓ મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના વારસોની માહીતી આપવામાં આવેલી અને તે વારસો અરજદાર મેમુનાબીબીને સહકાર આપતા નથી અને મેમુનાબીબીને જે ૬૦ ટકા રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે તે ૧૦૦ ટકા રકમ ચુકવી આપવા હુકમ કરવા માટે અત્રેની અદાલત દ્વારા ગુજ. મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના વારસોને નોટીસ કરતા તેઓ તેમના વિ.વ.શ્રી એસ.આર. ચૌધરી દ્વારા હાજર થયેલ છે અને નડીઆદ મેઈન ટ્રીબ્યુનલ દ્વારા અરજદાર મેમુનાબીબી ને ૬૦ ટકા રકમ અને અરજદાર નં.૨ ગુજ. મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના વારસોને ૪૦ ટકા રકમ ચુકવી આપવાનો હુકમ કરેલો. વધુમાં અરજદાર નં . ૧ ના પોતે વિધવા હોય અને તેમના પતિ અકસ્માતમાં વિધવા થયેલ હોય તેમના ભાગે આવતી ૬૦ ટકા રકમ તેઓએ મેળવી લીધેલ છે અને ત્યારબાદ અન્ય વારસદારો દ્વારા ૪૦ ટકા રકમ મેળવવા માટે અરજી કરેલી તેની સામે અરજદાર નં. ૧ મેમુનાબીબી દ્વારા વાંધા આપેલા છે અને ગુજ. અરજદાર નં.૨ ના વારસોના વિધ્વાન વકીલશ્રી એસ.સી.ચૌધરીએ જણાવેલ છે કે, અરજદાર નં. ૧ મેમુનાબીબી એ ગુજ. અરજદાર નં.૨ મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના વારસદાર છે અને તેમનો પણ

હકક લાગે છે તેથી યોગ્ય હુકમ કરવો જોઈએ તેમ જણાવેલ છે.

૬). અરજદાર નં. ૧ ગુજરનારના વિધવા છે અને વળતર મેળવવા અરજી કરેલ છે જયારે અન્ય વારસદારો છે તે ગુજરનાર મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના દિકરા અને દિકરીઓ છે અને ઉપરોકત તમામ હકીકતો જોતા અરજદાર નં. ૧ ને તેમના પતિ અકસ્માતમાં મૃત્યુ પામેલા હોય તે રકમ મળેલી છે અને તે રકમ તેમના પતિના અકસ્માત મૃત્યુના અનુસંધાને મેળવેલી છે. તે તમામ હકીકતો ઘ્યાને લેતા અગાઉ જે એમ.એ.સી.પી. નં. ૨૧ ૩૬/૧૯૯૯ ના કામે પેમેન્ટ રીપોર્ટ પીઠે હુકમ થયેલો છે તેમાં બાકી રહેતી રકમ ગુજરનાર મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના વારસોને જે ૪૦ ટકા રકમ આપવાનો હુકમ કરવામાં આવેલો તેમાં સુધારો કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

૧) અરજદારની હાલની અરજી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

૨). એમ.એ.સી.પી. નં. ૨૧૩૬/૧૯૯૯ ના કામે તા. ૦૩/૦૭/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ હુકમમાં જે ૪૦ ટકા રકમ ગુજ. મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના વારસોને ચુકવવાનો હુકમ કરેલ છે તેમાંથી દશ ટકા રકમ અરજદાર નં . ૧ મેમુનાબીબી તે યાકુબભાઈ મહમદશહીદ કોલાની વિધવા ઓરતને ચુકવવાનો તથા બાકી રહેતી ૩૦ ટકા રકમમાંથી ગુજ. મહમદ સઈદ ઈસ્માઈલ હાજી કોલાના વારસોને ત્રણ ત્રણ ટકા રકમ ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ તા.૨૨મી, માહે: ફેબ્રુઆરી, સને ૨૦૨૧ ના રોજ નડીઆદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

નડીઆદ.
તા.૨૨/૦૨/૨૦૨૧

**( લીયાકતહુસૈન શમસુદ્દીન પીરઝાદા)**
**એમ.એ.સી.ટી. (મેઈન), નડીઆદ.**
( કોડ નં. જીજે૦૦૯૧૪)

આર.વાય.દવે/ ગુજરાતી સ્ટેનોગ્રાફર